જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :- www.suratdeo.org

જા.નં/મકમ/૨૦૨૬/૧૨૧૬૩ તા.૨૫/૦૯/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

વિષય: નમો લક્ષ્મી યોજના તથા નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત બાકી રહેલ Registration / Data Entry ની કામગીરી તા. ૨૯/૦૯/૨૦૨૬ સુધીમાં ૧૦૦% પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ: કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: ધ/માધ્ય/યોજના-૧ અને પોર્ટલ/૨૦૨૬/૫૨૫૦-૯૧, તા. ૨૪/૦૯/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા અમલી નમો લક્ષ્મી યોજના તથા નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત પાત્ર વિદ્યાર્થીઓની Registration, તથા આધાર વેલિડેશનની કામગીરી પોર્ટલ પર પ્રગતિ હેઠળ છે.

જે વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સહાય જમા થઈ શકી નથી, તેવા વિદ્યાર્થીઓની વિગત શાળા કક્ષાએ ચકાસી વાલીનો સંપર્ક કરી ખાતા સંબંધિત ક્ષતિઓ સત્વરે સુધારવાની રહેશે. રાજ્ય કક્ષાએથી Registration/ડેટા એન્ટ્રી માટે પોર્ટલ તા. ૩૦/૦૯/૨૦૨૬ના રોજ બંધ થનાર હોવાથી, આ કચેરી હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ **નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે:**

૧. તમામ બાકી રહેલ Registration, તથા ડેટા સુધારણાની કામગીરી તા. ૨૯/૦૯/૨૦૨૬ સુધીમાં ૧૦૦% પૂર્ણ કરી લેવાની રહેશે.

૨. **તા. ૨૯/૦૯/૨૦૨૬ સુધીમાં જો કોઈ પણ પાત્ર વિદ્યાર્થી યોજનાના લાભથી વંચિત રહેશે અથવા કામગીરી બાકી રહેશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળાના આચાર્યશ્રીની રહેશે.**

૩. કામગીરી દરમિયાન કોઈ મુશ્કેલી કે પ્રશ્ન જણાય તો આપના વિસ્તારના SVS કન્વીનરશ્રી, મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી (AEI) અથવા શિક્ષણ નિરીક્ષકશ્રી (EI) નો તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે.

પોર્ટલ પર Registration સંબંધિત કોઈ ટેકનિકલ સમસ્યા ઉદ્ભવે તો તે અંગે આધાર-પૂરાવા સાથે આ કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રી (EI) ને લેખિતમાં તાત્કાલિક જાણ કરવાની રહેશે.

સદર કામગીરી અત્યંત અગત્યની અને સમયમર્યાદા આધારિત હોઈ અગ્રતા આપી તા.૨૯/૦૯/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. લાગુ પડતી સદર બંને યોજનાઓમાં પાત્રતા ધરાવતો કોઈ વિદ્યાર્થી યોજનાના લાભથી વંચિત રહેશે તો સંપૂણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત.

બીડાણ: સંદર્ભદર્શિત પત્ર

સવિનય નકલ રવાના જાણ સારૂ:
સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨), કમિશનર શાળાઓની કચેરી, , ગાંધીનગર.

નકલ રવાના જાણ અને અમલ સારૂ:
શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, સદર કચેરી,
મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, સદર કચેરી,
SVS કન્વીનરશ્રી તમામ, સુરત જિ.સુરત.